ગાંધીનગર સમાચાર

જન્મદિને વધામણી

અનેરી દુષ્યંત દવે
મો. ૭૯૯૮૮ ૧૯૯૭૨

અનેરી દુષ્યંત દવે
મો. ૭૯૯૮૮ ૧૯૯૭૨

ચિંતા એ નથી કે દેશ કેવી રીતે ચાલે છે, ચિંતા એ છે કે દેશ આમ જ ન ચાલે



ભ્રષ્ટાચારને નાબૂદ કરવો એક સ્વપ્ન સમાન છે. કારણ કે દેશ ભ્રષ્ટાચારથી ઘેરાયેલો છે. ભ્રષ્ટાચારના લીધે ક્યારેક ગરીબ અને સાચો માણસ નિરાશ થતો જાય છે. જન્મનો દાખલો કઢાવવાથી લઈ મરણનું પ્રમાણપત્ર કઢાવવા લાંચ આપવી પડે છે. ભ્રષ્ટાચારનો વ્યાપ એટલો વધ્યો છે કે તે કામ કઢાવવાનું સાધન બની ગયું છે. આજે એક પણ વ્યક્તિ એવો નહીં મળે જેનું કામ ભ્રષ્ટાચાર વગર થયું હોય.

- સેજલ દવે

અનૈતિક પધ્ધતિઓ વાપરી પોતાને તથા અન્ય લોકોને વધુ ફાયદો કોઈ ત્રીજા કે સરકારના ભોગે થાય તેને ભ્રષ્ટાચાર કહેવાય, જે દેશ તથા વ્યક્તિના વિકાસને અવરોધે છે. ભ્રષ્ટાચાર ચેપીરોગની જેમ સમાજમાં ચોતરફ ફેલાઈ ચૂક્યો છે. લોકોની સતત પૈસા, તાકાત, સત્તા અને વૈભવી જીવનશૈલીની ઘેલછાને કારણે એ ઘટવાને બદલે વધી રહ્યો છે. પૈસા માટે લોકો વાસ્તવિક જવાબદારીઓ ભૂલી ગયા છે.

- તુષાર ધનેશ્વર, એડવોકેટ

ભ્રષ્ટાચાર અટકાવવા સઘળા નાગરિકોએ જાગૃત થવાની જરૂર છે. શિક્ષિત બેરોજગારી ભ્રષ્ટાચારનું જ એક કારણ છે. લાંચિયા અધિકારીઓ દ્વારા લાંચલઈ નોકરીમાં પ્રાથમિકતા આપવામાં આવે છે. જેના કારણે યોગ્યતા ધરાવતા યુવાનોને નોકરી મળતી નથી અને શિક્ષિત બેરોજગારી વધે છે. ભ્રષ્ટાચારનો વિરોધ કરવા મજબૂત લોકમંચના માળખાનો અભાવ, શિક્ષણનું કથળેલું સ્તર, નબળું આર્થિક માળખું તથા સરકારના જટિલ કાયદાઓ અને કાર્યવાહીના કારણે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન મળતું જાય છે.

- વિવેક બ્રહ્મભટ્ટ, એન્જિનીયર

બે વર્ષ પૂર્વેના આંકડા અનુસાર લાંચ લેનાર ૧૭૫ દેશોની યાદીમાં ભારત ૭૯ નંબર પર છે. લાંચ ફક્ત રૂપિયાના માધ્યમથી જ નથી લેવાતી, પારંપારિક ઓળખાણ, સત્તા અને પાવરથી થતું કામ પણ લાંચ જ છે. લાંચ આપવી અને લેવી બંને ગુના છે. લાંચ આપનાર વ્યક્તિ તેનું કામ ન બગડે તે બીકથી લાંચ આપે છે. પરંતુ જો કામ કાયદાના પરિઘમાં રહેલું હોય તો લાંચ આપવાની જરૂર નથી. કાયદાની જે અજ્ઞાનતા છે, તેમાં પ્રજા સાથે સેમિનાર, વાર્તાલાપ અને શેરીસભા દ્વારા સમજણ આપવી જોઈએ.

- હિતેષ ભાલચંદ્ર રાવલ મહામંત્રી, ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બાર એસો.

ભારત ને ભ્રષ્ટાચાર જાણે સમાનાર્થી બની રહ્યા છે. ઉપાયો ટૂંકા પડી રહ્યા છે. તોય નાથવાનો રહ્યો જ. સત્તાનું વિકેન્દ્રીકરણને પારદર્શક વહીવટ હોવો જોઈએ. ભ્રષ્ટાચારીઓ માટે વિશેષ ન્યાયિક પ્રક્રિયા કરી કડક અને ઝડપી સજા અને તેની અમલવારી હોવી જોઈએ. સમાજે પણ ભ્રષ્ટાચારીઓ પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલી તેમને હડધૂદ કરવા જોઈએ તથા ક્યાંક સન્માનીય સ્થળ ન આપવું.

- યુવરાજસિંહ રાણા

સમાજની સમાનતા માટે આપણા દેશમાં ભ્રષ્ટાચારને સંપૂર્ણ નાબૂદ કરવો જરૂરી છે. સરકારી કામમાં પારદર્શિતા તથા આર્થિક વ્યવહારો ફરજિયાત કૅશલેસ તથા પોલીસ ખાતાના હથિયારધારી અને બિન હથિયારધારી શાખા વચ્ચેની અસમાનતા દૂર કરવાથી પોલીસ ખાતામાં ભ્રષ્ટાચાર નિયંત્રિત કરી શકાય છે.

- પી પી વ્યાસ ડીવાયએસપી, સીએમ સિક્યુરિટી

દેશમાં શિક્ષણ, બાળકો તથા વૃધ્ધોની સલામતીનું સ્તર ઊંચું લાવવાની જરૂર છે. જેના થકી ભ્રષ્ટાચારને નિયંત્રણમાં લાવી શકાય.



- વી આર યાદવ ના.પો. અધિક્ષક

સરકાર દ્વારા વહીવટમાં ગતિશીલતા લાવવામાં આવે તો ગ્રામ્યસ્તરથી રાજ્યસ્તર સુધીના તમામ સ્તરે નાનાં-મોટાં કામોમાં ભ્રષ્ટાચારનો વ્યાપ વધેલ છે. તેને નિયંત્રણમાં રાખવો હોય તો દરેક સ્તરે કોઈપણ કામ વિલંબમાં ન થાય અને ત્વરિત નિકાલ થાય તો સરકાર પ્રજાભિમુખ બને. સરકારના એક જમાનાના કેન્દ્રીય ગૃહપ્રધાન ગુલઝારીલાલ નંદાએ ૧૯૫૬માં ભ્રષ્ટાચાર નાબૂદી અભિયાન શરૂ કરેલું કમનસીબે ઉત્તરોત્તર સરકારો બદલાયેલી હોવા છતાં ભ્રષ્ટાચારના વ્યાપમાં કોઈ ઘટાડો થયો નથી જે દેશની કમનસીબી છે.

- નવિનભાઈ એમ ખમાર (નિવૃત્ત ડેપ્યુટી કલેક્ટર)

નાના અને સીમાંત કુટુંબ, પરિવારથી માંડી વિકસીત પરિવારના સભ્યો પણ એવું માનતા થયા છે કે ભ્રષ્ટાચાર એક અનિવાર્ય દૂષણ છે. આ જ પ્રકારની માન્યતાના કારણે ભ્રષ્ટાચાર દૂર કરવા બાબત એક સ્વપ્ન લાગે છે. પરંતુ સરકારમાં બેઠેલા હોદ્દેદારો આ દૂર કરવા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરે તો કદાચ નિર્મૂળ તો નહીં પણ તેનું પ્રમાણ ખૂબ જ ઓછું કરી શકાય છે. વ્યક્તિએ કોઈપણ સરકારી કે બિનસરકારી કામ ભ્રષ્ટાચારની રીતરસમ અપનાવ્યા સિવાયનો આગ્રહ રાખવો જોઈએ.

- દિનેશસિંહ ચાવડા સીએમડી, સંગીનીતિ કેમિકલ્સ સેક્રેટરી, ગુજરાત સ્ટેટ ઇન્ડસ્ટ્રીઝ ફેડરેશન

ભ્રષ્ટાચારને નાબૂદ કરવો એ આપણી ફરજ છે. તેના માટે દરેક સરકારી કે પ્રાઈવેટ કચેરીમાં ડ્રૉપબોક્સ મૂકવા જોઈએ, જેમાં કોઈપણ વ્યક્તિ દ્વારા લાંચ લેતા અધિકારી સામે ફરિયાદ અથવા ઉપરી અધિકારીનું ધ્યાન દોરી શકાય. લોકો પોતાનું નામ દર્શાવ્યા વગર પણ અનૈતિકપણે ભ્રષ્ટાચાર કરનાર વ્યક્તિને સમાજ સામે ખુલ્લો પાડી શકે તથા ભ્રષ્ટાચાર અટકાવી શકે.

- જિજ્ઞેશ પટેલ પ્રમુખ, ભાજપ યુવા મોરચો ગાંધીનગર મહાનગર

લાંચ રુશ્વત અટકાવવી આપણી ફરજ છે. તેને માટે દેશની બંધારણીય સંસ્થાઓને સાથે રાખવી. જેમ કે એન્ટિ કરપ્શન બ્યુરો, વિજિલન્સ કમિશનની મદદથી લાંચ લેતા અધિકારીઓની ધરપકડ કરાવવી, તેમને કડક સજા અપાવવી તથા વ્યક્તિની પારદર્શકતાનું મહત્ત્વ સમજાવી તેને પણ લાંચ ન આપવાનું કહી કાયદાનો અનુરૂપ કામ કરાવવું તથા આજના ટૅકનોલૉજીના જમાનામાં મીડિયા તથા સોશિયલ મીડિયા દ્વારા જાગરૂકતા લાવવી જોઈએ.

- ઉર્પલ રામભાઈ જોષી જિલ્લા પ્રમુખ, સામા.સંગઠન

ભ્રષ્ટાચારને નાબૂત કરવા લોકોને ભ્રષ્ટાચાર રોકવા માહિતગાર કરવા તથા સરકારી અધિકારીઓએ જનતા વચ્ચે મજબૂત સંબંધ કેળવો. જેથી જનતા ડર્યા વગર માહિતીની આપલે કરી શકે. તદુપરાંત જે વ્યક્તિઓ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી ચાલતી હોય તેમને કોઈપણ જગ્યાની ટિકીટ કે મહત્ત્વનું સ્થાન ન આપવું. કારણ કે તે જ ભ્રષ્ટાચાર વધારે છે તથા પોતાના ગુનાઓને દબાવવા કે કાળાં કામો અટકાવવા ભ્રષ્ટાચાર કરે છે.

- ધૃવિલ પટેલ, મહામંત્રી ભારતીય જનતા પાર્ટી યુવા મોરચો, ગાંધીનગર

હાલના સમયનો સૌથી શક્તિશાળી રાક્ષસ કરપ્શન છે, જે દેશના મૂળ ઐતિહાસિક ગૌરવપૂર્ણ રૂપને ખંડિત કરનારો ગણી શકાય. તેની સામે આપણામાં રહેલી નીતિમત્તાઓને જગાડી રાક્ષસ સામે બાથ ભીડવાની જહેમત ઊઠાવવી. જે કર્મચારી, અધિકારી તેની કામગીરીમાં ઢીલાશ કે ક્યાશ રાખે તો તેની ગંભીર નોંધ લઈ તેની સામે યોગ્ય સક્ષમ અધિકારીને નીડરતાથી રજૂઆત કરવી જોઈએ.

- નરેન્દ્રસિંહ પી રાજપૂત વરિષ્ટ મહામંત્રી, ગાંધીનગર રાજસ્થાન રાવત રાજપૂત મહાસભા

શાળાથી લઈને સરકારી કચેરીમાં માનવઅધિકાર વિશે માહિતી આપવી તથા સર્વિસ સેક્ટરમાં કામના પ્રકાર પ્રમાણે સમયમર્યાદા નિશ્ચિત કરવી. સમયમર્યાદાથી વધુ સમય માટે મુખ્ય અધિકારી દ્વારા ખુલાસો અને ખાસ જોગવાઈ કરવી. ઉપરાંત લાંચ રૂશ્વત ધારા હેઠળ દોષિત કર્મચારીને ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા ઝડપી કાનૂની પ્રક્રિયા કરાવવી તથા પાથરણાબજાર, લારી-ગલ્લા વગેરે નાના વેપારીઓને સક્ષમ અધિકારીઓએ સ્થળ ફાળવણી કરવી.

- અલ્પેશ સોમાભાઈ પટેલ કેમિસ્ટ, ગાંધીનગર

લાંચ દૂર કરવા બાળકના ઘડતર સમયે જ તેને નિષ્ઠા અને સિધ્ધાંતના ગુણો વિકસાવવા જોઈએ જેમાં ખાસ માતાપિતાએ બાળકને 'ચૉકલેટ'રૂપી લાંચ આપવાની બંધ કરવી જોઈએ. જ્યાં લાંચ લેવાઈ રહી છે, ત્યાં નીડર થઈને વિરોધ કરવો જોઈએ તથા દરેક ક્ષેત્રે પોતાના કાર્યને વફાદાર રહીને કાર્ય કરવામાં આવે તો આપોઆપ સમાજમાં સુધારો આવે.

- પરેશકુમાર ઠક્કર, વેપારી, સેક્ટર-૧૨, ગાંધીનગર

કોઈપણ દેશના આર્થિક વિકાસમાં માર્ગમાં આવતી મોટી સમસ્યા ભ્રષ્ટાચાર છે. ભ્રષ્ટાચાર વધારે પ્રમાણમાં થાય છે. હું નથી માનતી કે બધા જ ભ્રષ્ટાચારી છે. પણ આપણે બધા ડાયરેક્ટ કે ઈનડાયરેક્ટ ભ્રષ્ટાચારની ચેન સાથે જોડાયેલા છીએ. એટલું જ કહીશ કે ભ્રષ્ટાચાર દૂર નહીં થાય, આપણે દૂર કરવો જ પડશે. મનમાં નક્કી કરો કે 'સે નો કરપ્શન'વાળી થિયરી અપનાવીએ.

- નાદિયા હિમાની, અભિનેત્રી, અમદાવાદ

ભ્રષ્ટાચાર ભારતને લાગુ પડેલ જીવલેણ રોગ બની ગયેલ છે. સરકાર કોઈપણ હોય પરંતુ ભ્રષ્ટાચારનું નિરાકરણ કોઈ લાવી શકતું નથી. લાંચ-રૂશ્વત લેવા કરતાં આપવાવાળો મોટો ગુનેગાર છે. માણસ પોતાના મતથી નક્કી કરે કે હું લાંચ-રૂશ્વત નહીં આપું તો આ સમસ્યાનું નિરાકરણ થાય. દરેક વસ્તુ ઓનલાઈન થવી જોઈએ. સરકારમાં નાનામાં નાની વસ્તુનું ઈ-ટેન્ડરીંગ થવું જોઈએ. જેથી હિસાબો પણ ઓનલાઈન વેબસાઈટ પર અપલોડ કરી શકાય.

- અંકિત બારોટ, કોર્પોરેટર, ગાંધીનગર મહાનગરપાલિકા

વિશ્વમાં ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર સમાન બન્યો હોય એવું માનવું છે. ભ્રષ્ટાચાર નાબૂદી માટે ગામ, શહેર, તાલુકો, જિલ્લો, રાજ્ય અને દેશથી અભિયાન શરૂ કરવું જોઈએ. જે સમાજના બધા વર્ગો ભ્રષ્ટાચાર નાબૂદી માટે સંકલ્પ કરે તો પરિણામ લાવી શકે.

- ઉજાશ શકરાભાઈ રબારી, ગાંધીનગર

ભ્રષ્ટાચાર દેશ માટે ખતરા સમાન છે. તેને ખત્મ કરવો હોય તો લોકોએ આગળ આવવું પડશે. કોઈપણ સરકારી કામ એવું નથી કે લાંચ આપવી જ પડે. હવે તો કાયદાઓ કડક થયા છે. દરેક અધિકારીએ સમયમર્યાદામાં કામ કરવું પડે, નહીંતર તેને પણ સજા થાય એવી જોગવાઈ છે એવી માહિતી લોકોએ મેળવવી જોઈએ.

- રમેશ વઘાસિયા, સુરત

કોઈપણ સત્તાધિશ દ્વારા તેની સત્તાનો લાભ (પૈસા કે ભેટ) મેળવવા દુરુપયોગ કરવો તેને ભ્રષ્ટાચાર કહેવાય છે. સરકારી કાર્ય ખોટો રીતે કે યોગ્ય સમય કરતાં પહેલાં કે લાયકાત વગર કરી આપી તેના બદલામાં મેળવેલા પૈસા કે ભેટને લાંચ કહેવાય. ભારત દેશમાં સરકારી અધિકારીઓ વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર પ્રેરે છે.

- બળદેવ એસ દેસાઈ, તંત્રી, ધી સરદાર વૈભવ

સરકારી કાર્યાલયમાં જે તે વિભાગમાં ફી પેટે ભરવામાં આવતા નાણાકીય લેવડદેવડ ફક્ત ને ફક્ત ઓનલાઈન અથવા બેન્કના ખાતામાં જમા કરવામાં આવે તો ભ્રષ્ટાચાર ઘટાડી શકાય તથા લાંચ લેતા કોઈપણ કર્મચારી પકડાય તો તેમને તાત્કાલિક સસ્પેન્ડ કરી ઉદાહરણરૂપ સજા આપવામાં આવે તો કોઈ લાંચ લેવાનો વિચાર પણ ના કરે.

- સુનીલ બી પટેલ, શિક્ષક, વડોદરા

ઊર્જા સંરક્ષણ ચિત્ર સ્પર્ધામાં જે બી પ્રાથમિક શાળા ઝળકી

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત સરકારના ક્લાયમેટ ચેન્જ વિભાગ તથા જેડા અને નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'ઊર્જા સંરક્ષણ' વિષય અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૬૦ શાળાઓએ ભાગ લીધો હતો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થી દિવ્યરાજ નરેન્દ્રસિંહ વિહોલે સુંદર ચિત્રનું સર્જન કરી જિલ્લામાં દ્વિતિય સ્થાન સાથે પ્રમાણપત્ર અને શિલ્ડ પ્રાપ્ત કર્યો હતો. શાળા પરિવાર વતી આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન - ૩
હેટ સ્ટોરી ૪
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન - ૪
૩ સ્ટોરીઝ
૫.૧૫
દિલ જંગલી
૨.૪૫, ૧૦.૦૦
દિલ કૅમિસ્ટ્રી (ગુજરાતી)
૭.૩૦

સ્ક્રીન - ૫
દિલ જંગલી
૧૨.૧૫
ગુજ્જુભાઈ મોસ્ટ વૉન્ટેડ (ગુજરાતી)
૨.૩૦, ૯.૪૫
૩ સ્ટોરીઝ
૭.૪૫

સ્ક્રીન - ૬
હેટ સ્ટોરી ૪
૬.૪૫
૩ સ્ટોરીઝ
૧૨.૩૦
દિલ જંગલી
૫.૩૦

નવરચના વિકાસ સંસ્થા દ્વારા મહિલા દિવસની ઉજવણી કરાઈ

એચ.ડી.એફ.સી. બૅન્કના સહયોગ થકી ઉજવણી ગાંધીનગર ઉપરાંત બોરસદ અને કાલોલ ક્લસ્ટરમાં કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૩

નવરચના મહિલા વિકાસ સંસ્થા તથા એચ.ડી.એફસી બૅન્કના સી.એસ.આર ના સહયોગ થકી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી ગાંધીનગર, બોરસદ, કાલોલ ક્લસ્ટરમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સ્વસહાય જૂથની બહેનો તથા તરૂણીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં બહેનોને સૅનિટરી નેપકિન વિષેની માહિતી આપવામાં આવી હતી. બહેનો આર્થિક રીતે પગભર થઈને સમાજમાં અને કુટુંબમાં આગવું સ્થાન ધરાવી શકે છે, તે અંતર્ગત નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ જ દિવસ દરમિયાન ગાંધીનગર ક્લસ્ટરના લવાડ અને સૌલૈયા ગામમાં સ્ત્રીરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલું હતું. બંને કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો.

શિક્ષણ સાથે બાળકે પ્રકૃતિના તત્વની સાથે વાત કરી અને પોતાના મનની અને પ્રકૃતિને અનુભવાતા સંવેદનોની વાચા ઝીલી. સામાન્ય સંજોગોમાં માણસ માણસની સાથે ,માતા પિતા સાથે,મિત્ર મિત્ર સાથે ,શિક્ષક શિષ્ય સાથે વાત કરે છે.આ બધું તમે સાંભળ્યું હશે પરંતુ શાળાના પરિસરમાં રહી પ્રકૃતિના તત્વ ઝાડ,વેલા ,થડ,ફૂલ ,પાંદડા સાથે વાત કરતા બાળકને તમે ક્યારેય જોયો નહિ હોય, આવો જ એક પ્રસંગ ગાંધીનગરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ,જી .અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં યોજાઈ ગયો.જેમાં ધોરણ- ૫ થી ૮ ના બાળકોએ વૃક્ષોની સાથે એક માણસનો બીજા માણસ સાથેનો સંવાદ ચાલતો હોય તે રીતે વાતો કરી. પોતાની સંવેદનાને પ્રકૃતિ તરફના પ્રેમને અને ખાસ કહીએ તો વર્ષોથી સ્થિર ઉભેલા વૃક્ષોના સંવેદનોને જાગૃત કરવા અથવા જાણવા અને અનુભવવા વાર્તાલાપ કર્યો.આ પ્રવૃતિમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

જીટીયુ સંલગ્ન કૉલેજોની પરીક્ષા ૨૮ માર્ચથી શરૂ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ) સાથે જોડાયેલી તમામ કૉલેજોમાં આગામી તા.૨૮મી એપ્રિલથી વિવિધ અભ્યાસક્રમોની પરીક્ષા લેવામાં આવશે. ૨૭૫ પરીક્ષા કેન્દ્રો પરથી લેવાનારી પરીક્ષાઓમાં ૪.૫ લાખથી વધારે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. તા.૨૮મીથી શરૂ થનારી પરીક્ષા તા.૬ જૂનના રોજ પુરી થશે.

યુનિવર્સિટી દ્વારા લેવાનારી પરીક્ષાઓમાં બેચરલ ઑફ ઈજનેરી (બી.ઇ.) સેમેસ્ટર ૧ થી ૮ની લેખિત પરીક્ષા તા.૨૮મી એપ્રિલથી ૧લી જૂન દરમિયાન લેવામાં આવશે. ડિપ્લોમા ઈજનેરીની લેખિત પરીક્ષા તા.૨૮મી એપ્રિલથી તા.૧લી જૂન વચ્ચે લેવાશે. જ્યારે બેચરલ ઑફ ફાર્મસી (બી.ફાર્મ)ની પરીક્ષા તા.૨૮મી એપ્રિલથી ૧લી જૂન વચ્ચે અને માસ્ટર ઑફ ઈજનેરી (એમ.ઇ.)ની પરીક્ષા તા.૧લી મેથી શરૂ થશે અને તા.૨૫મી મેના રોજ પુરી થશે. માસ્ટર ઑફ કમ્પ્યૂટર એપ્લિકેશન (એમસીએ)ની પરીક્ષા તા.૩૦મી એપ્રિલથી શરૂ થશે અને તા.૨ જૂનના રોજ પૂર્ણ થશે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત

ઊર્જા ઉત્સવ-૨૦૧૮માં આર જી પટેલ શાળા ઝળકી

ગાંધીનગર, તા. ૧૩

નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર, ગાંધીનગરના ઉપક્રમે ગુરુવારે મહાત્મા ગાંધી વિદ્યાલય, સૅક્ટર-૧૬ ખાતે ઊર્જા ઉત્સવ ૨૦૧૮ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે આયોજિત ક્વિઝ સ્પર્ધામાં આર જી પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીની જાનકી ઝાલા અને માલવિકા રાઠોડે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. ઊર્જા મૉડેલમાં પ્રિયાંશી ભગરોળીયા, ઊર્જા રમતમાં આયુષી ખાંટ અને ઊર્જા ચિત્ર સ્પર્ધામાં શ્રુતિ ગોફીએ ભાગ લીધો હતો. માર્ગદર્શક શિક્ષક તરીકે રમણભાઈ પટેલ અને ગણેશભાઈ પટેલે પોતાની સેવાઓ આપી હતી. શાળાને ગૌરવ અપાવવા બદલ સૌ વિદ્યાર્થિનીઓ અને બંને શિક્ષકોને શાળા પરિવાર વતી આચાર્ય સુધાબેન પટેલ, સુપરવાઈઝર ગિતોષભાઈ પટેલ, હંસાબેન પટેલ, ગીતાબેન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

આઈસીએઆઈની અમદાવાદ બ્રાન્ચમાં

વિમેન્સ ડેની ઉજવણી નિમિત્તે મહિલા સીએ માટે એરોબિક્સ ડાન્સનું સેશન યોજાયું

ગાંધીનગર, તા. ૧૩

આઈસીએઆઈની અમદાવાદ બ્રાન્ચમાં તા. ૮થી ૧૦ માર્ચ દરમિયાન વિમેન્સ ડેની ઉજવણીનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. ગુરુવારે આઈસીએઆઈની અમદાવાદ બ્રાન્ચ પર સવારે ૭થી ૮.૩૦ કલાક દરમિયાન એરોબિક્સ-ડાન્સનું વિશેષ સેશન યોજવામાં આવ્યું હતું.

વાયબ્રન્ટ મ્યુઝિક સાથેના ફ્લોર એરોબિક્સના સેશનમાં મૂડ અને ફિટનેસ વધે છે તેનો અનુભવ થયો હતો. આ ઉપરાંત ઘણી બધી ફિટનેસ પ્રવૃત્તિઓથી સવારની ઊર્જા કેવી રીતે વધે તેનું નિદર્શન પણ હાથ ધરવામાં આવ્યું હતું. આ સેશનમાં ૩૦થી પણ વધુ વિમેન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સે ભાગ લીધો હતો. ન્યુજેન ક્વોન્ટમ ફિટનેસના નેહા શેઠ મહેતા દ્વારા આ સેશન હાથ ધરવામાં આવ્યું હતું.

આપણાં સંબંધો : માપવા જઈએ તો પામી ના શકીએ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

મારા એક સહ કર્મચારી છે. તેમની સાથે મારે અંગત સંબંધો પણ ખૂબ જ સારા, કહો કે એક મિત્ર જેવા. અમે જ્યારે જ્યારે કોઈ સામાજિક કે વ્યાવહારિક કે ઓફિસિયલ પ્રસંગોમાં મળીએ અને એ જ પ્રસંગમાં મારા અન્ય કોઈ સ્નેહીઓ કે મિત્ર હોય તો તેઓની હું મારા એ સહકર્મચારી મિત્ર સાથે ઔપચારિક ઓળખાણ કરાવું. ઓળખાણ કરાવું ત્યારે એ બંનેને સામાન્ય વાતચીત થાય, ક્યારેક ફોન નંબરની આપ-લે થાય અને પછી છૂટા પડે.

છૂટા પડ્યા પછી બે-ત્રણ દિવસમાં જ એ સહકર્મચારી મિત્રનો મારા ઉપર અચૂક ફોન આવે. મારા જે કોઈ સ્નેહી કે મિત્રની તેને ઓળખાણ કરાવી હોય તેના વિષે વધારે પૂછપરછ કરે. તેના વ્યવસાય વિષે, તેના બાળકો વિષે, તેના બાળકોના અભ્યાસ કે વ્યવસાય વિષે, તેના અન્ય સામાજિક કે રાજકીય સંબંધો વિષે. એ સહકર્મચારી મિત્ર મારી પાસેથી એવી પણ જાણકારી મેળવવા પ્રયત્ન કરે કે સમાજમાં અને સરકારમાં પેલા સ્નેહીની વગ કેટલી? તે એવું પણ પૂછે કે એ મિત્રનો સ્વભાવ કેવો, તેની આર્થિક સ્થિતિ કેવી, અને કોઈને સહકાર આપવાની ભાવના કેટલી? મારી પાસે જેટલી માહિતી હોય એટલી હું આપું તો આગળ પૂછે કે વધારે માહિતી આપણાં કોઈ અન્ય મિત્રો પાસેથી મળે કે કેમ?

એ સહકર્મચારી મિત્ર સાથે લગભગ પાંચ-સાત વાર આવું બન્યું એટલે મને પણ આશ્ચર્ય થયું કે આ વ્યક્તિ આવું બધુ કેમ પૂછે છે. મારી જિજ્ઞાસાને સંતોષવા મે એક દિવસ એ સહકર્મચારી મિત્રને સીધો જ સવાલ પૂછી લીધો કે ભાઈ, હું તો મારા મિત્રો અને સ્નેહીઓની ઔપચારિક ઓળખાણ કરાવું છે તો તેઓ વિષે આટલી બધી માહિતી એકઠી કરવાનો હેતુ શું? એ સહકર્મચારી મિત્રએ ખૂબ જ સરળતાથી જવાબ આપ્યો કે ભાઈ, સંબંધો વધારતા પહેલા એ તો જાણવું જોઈએ ને કે એ વ્યક્તિ આપણને ભવિષ્યમાં કામ આવશે કે નહીં અને કામ આવશે તો કેટલી કામ આવશે. તેનો પ્રત્યુતર સાંભળીને બે તેને બીજો પ્રશ્ન કર્યો કે એ વ્યક્તિ ભવિષ્યમાં કામ આવે એવી ના હોય તો? સહકર્મચારી મિત્રએ એટલી જ સરળતાથી જવાબ આપ્યો કે જે વ્યક્તિ કામ ના આવી શકે તેની સાથે સંબંધ રાખવાનો અર્થ નથી. જે વ્યક્તિ આપણાં કામમાં જ ના આવી શકે આવી વ્યક્તિ સાથે સંબંધો રાખીને શા માટે સમય અને શક્તિ બગાડવી? સહકર્મચારી મિત્રનો પ્રત્યુતર સાંભળીને તેની સાથેના મારા પણ સંબંધોને લઈને હું વિચારતો થઈ ગયો.

વ્યક્તિ ક્યારેક પોતાના સંબંધીઓને માપવા માટે પ્રયત્ન કરતી હોય એ઼. પોતાના સંબંધોના લેખાં જોખાં કરતી હોય છે. સંબંધોનું સરવૈયું કાઢવા બેસતી હોય છે. વ્યક્તિ ક્યારેક સંબંધો અને સંબંધીઓને એટલી બારીકાઈથી જોતી હોય છે કે તેમાં ક્યારેક બિલોરી કાચ પણ નબળા સાબિત થાય છે.

સંબંધીઓના સામાન્ય રીતે જ કોઈ હેઉ વિના ઉચ્ચારેલા એક એક શબ્દનું વિશ્લેષણ કરીને તેમાથી ઘણા બધા અર્થઘટનો કરતી હોય છે. ક્યારેક સાચા તો ક્યારેક ખોટા અર્થઘટનો કરીને સંબંધીઓથી બોલાયેલા બે શબ્દો ઉપર એક નિબંધ જેવુ વિવેચન ઠોકી દેતાં હોય છે. આવું થાય છે ત્યારે શબ્દોના હકારાત્મક અર્થ ને બદલે નકારાત્મક કે અનર્થો જ વધારે નીકળે છે. સંબંધીઓના વર્તનનું વિવેચન અને વિશ્લેષણ કરતી વ્યક્તિને ક્યારેક તેઓના વરતનમાથી વર્તનમાથી માત્ર એટલું જ તારવે છે કે એ સંબંધો તેમના કેટલા કામ આવશે અને એ સંબંધોમાથી પોતાને શું મળશે? આમ સંબંધો માપવાનો હેતુ એક જ હોય કે એ સંબંધો પોતાને કેટલા ફાયદાકારક કે નૂકશનકારક છે.

સંબંધોને વ્યક્તિ જ્યારે માપવા જાય છે ત્યારે પોતાને શું મળશે તેની જ ગણતરીઓ કરે છે અને એ ગણતરીઓમાં સરવાળે શૂન્ય આવે છે ત્યારે એ પોતાના સંબંદોને બ્રેક લગાવી દે છે. પોતાના સંબંધોને ત્યાથી આગળ નહીં વધારે. સમયાંતરે આ પ્રકારની વ્યક્તિના સંબંધો ખૂબ જ સીમિત અને પાતળા થઈ જાય છે. જે સંબંધોને પામવાને બદલે માપવાનો પ્રયત્ન કરીએ છીએ એ સંબંધોને અંતે તો ગુમાવવાનો જ વારો આવે છે.

જે વ્યક્તિ સંબંધોને માપવા કરતા પામવાનો પ્રયત્ન કરે છે તે વ્યક્તિ સંબંધ અને સંબંધીને સમજવાનો પ્રયત્ન કરે છે. સંબંધીના મન અને હૃદયને જીતવા માટે આતુર હોય છે તે સંબંધીઓની મુશ્કેલીઓ સમજીને શક્ય એટલી મદદ કરવા ઈચ્છે છે. સંબંધોને પામવા માટે એ સંબંધીની જગ્યાએ આપણી જાતને મૂકવી પડે અને પછી — પછી જ એ સંબંધો વિશેના તમામ નિર્ણયો લેવા પડે. સંબંધો આપણે જ્યારે માપવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણે આપણી જાતને હોશિયાર અને ચતુર માનીને આનંદ અનુભવીએ છીએ. હકીકતમાં એ આપણી ચતુરાઈ કે હોશિયારી નથી પણ આપણી નબળી માનસિકતા છે. હકીકતમાં એ આનંદ નથી પણ રાહુ અને કેતુ જેવા ગ્રહો જેવો આનંદનો માત્ર આભાસ જ હોય છે. સાચો આનંદ તો ત્યારેજ પ્રાપ્ત થાય જ્યારે આપણે સંબંધોને માપવાને બદલે પામવાનો પ્રયત્ન કરીએ. સંબંધોને પામવાનો આનંદ દિવ્ય હોય છે.

સંબંધોને કેળવવા, વિકસાવવા કરતાં ટકાવવા વધારે મુશ્કેલ છે પણ જો સંબંધોને નિભાવવા અને ટકાવવા હોય તો સંબંધોને માપવા નહીં પામવા પડે.

જે સંબંધોને માપવા જઈએ એ સંબંધને ક્યારેય પામી ના શકીએ અને એકવાર સંબંધોને પામી લીધા પછી તેને ક્યારેય માપવાની જરૂર નહીં પડે.